RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 229 Date: 09.06.2024,Sunday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# આજે ત્રીજી વાર પ્રધાન સેવક તરીકે શપથ લેશે નરેન્દ્ર મોદી



લોકસભા ચૂંટણી ૨૦૨૪નું પરિણામ ચોંકાવનારું આવ્યું છે. સૂત્રો તરફથી મળેલી જાણકારી અનુસાર એનડીએ ગઠબંધનના નેતા તરીકે બધા સાથી પક્ષોએ નરેન્દ્ર મોદી પર વડાપ્રધાન તરીકે પસંદગી ઉતારી છે. નરેન્દ્ર મોદી આવતીકાલે એટ્લે કે રવિવાર અને ૯ જૂનના રોજ ત્રીજી વાર પ્રધાનમંત્રી પદ માટે શપથ ગ્રહણ કરશે. ભાજપનું ૪૦૦ પારનું સપનું રોળાયું છે. આ લોકસભા ચુંટણીમાં ક્યાયકને ક્યાક વિપક્ષી ગઠબંધનને કમબેક ફાઈટ આપી છે.રાષ્ટ્રપતિને મળ્યા બાદ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે,"૧૮મી લોકસભા નવી ઉર્જા, યુવા ઉર્જા અને કંઈક કરી છૂટવાની હામ સાથેની લોકસભા છે. આઝાદીના અમૃત મહોત્સવ પછી આ પહેલી ચૂંટણી છે. આ એક પ્રકારના એવા ૨૫ વર્ષ છે, જે આપણાં અમૃતકાળના ૨૫ વર્ષ છે."

ભાજપ અને દ્રઢછના નવા ચૂંટાયેલા સાંસદો શુક્રવારે મળ્યા હતા, જેમાં તમામ પક્ષોએ તેમના નેતા તરીકેના નામમાં નરેન્દ્ર મોદી પર પસંદગી ઉતારી હતી. તેમને સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેવાનો માર્ગ મોકળો કર્યો કરી દીધો છે. આ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દ્રઢછ નેતા નરેન્દ્ર મોદીને વડાપ્રધાન તરીકે નિયુક્ત કર્યા છે.

૯ જૂનના રોજ સાંજે ૦૭:૧૫ વાગ્યે રાષ્ટ્રપતિ ભવન ખાતે વડાપ્રધાન અને કેન્દ્રીય મંત્રી પરિષદના અન્ય સભ્યોને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવવામાં આવશે. દ્રઢછ નેતાઓના સમર્થનના પત્રો મળ્યા બાદ, રાષ્ટ્રપતિને જાણવા મળ્યું કે દ્રઢછ ૧૮મી લોકસભામાં બહુમતી મેળવવાની સ્થિતિમાં છે. જે પછી, ભારતના બંધારણની કલમ ૭૫(૧) હેઠળ, રાષ્ટ્રપતિએ નરેન્દ્ર મોદીને ભારતના વડા પ્રધાન તરીકે નિયુક્ત કર્યા.

એકતરફ નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાની ધમધોકાટ તૈયારીઓ ચાલી રહી છે, તો બીજીતરફ કેબિનેટમાં મંત્રી પદ મેળવવા માટે ધમપછાળા જોવા મળી રહ્યા છે. ભાજપ લોકસભા ચૂંટણી-૨૦૨૪માં એકલા હાથે બહુમતી મેળવી શકી નથી, તેથી તેણે એનડીએમાં સામેલ પક્ષોનું પણ સાંભળવું પડશે. નવી સરકાર બનાવ્યા પહેલા ભાજપે બે સહયોગી પક્ષો તેલુગુ દેશમ પાર્ટીના વડા ચંદ્રબાબૂ નાયડુ અને જનતા દળ યુનાઈટેડના વડા નીતીશ કુમારની ડિમાન્ડ પુરી કરવી પડશે.

## સરકાર બદલાતા જ આ શહેરમાં ત્રણ દિવસમાં જમીનનો ભાવ બમણો, હવે વિદેશોમાંથી પણ માગ



દેશમાં ત્રીજી વખત પણ મોદી સરકાર જ સત્તામાં આવશે તેવું નક્કી થયા બાદ જાણે આંધ્ર પ્રદેશ, અમરાવતી અને રાજ્યના ભાવી ઝસ ચંદ્રબાબુ નાયડુના સારા દિવસો આવી ગયા છે. ૧૨ જૂનના રોજ અમરાવતીમાં ચંદ્રબાબુ નાયડુ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરશે. પરંતુ તે પહેલા આ શહેરમાં જમીનોની કિંમતમાં બમણો વધારો થઈ ગયો છે. હકીકતમાં ચંદ્રબાબુ નાયડુએ અમરાવતીને આંધ્ર પ્રદેશની ગ્રીન કેપિટલ તરીકે વિકસિત કરવાની વાત કહી છે. આવી સ્થિતિમાં અહી પ્રોપર્ટીના ભાવમાં ઝડપથી વધારો થયો છે. ચંદ્રબાબુ નાયડુ ૨૦૧૪થી ૨૦૧૯ સુધી રાજ્યના મુખ્યમંત્રી રહ્યા હતા. તે સમયે ચંદ્રબાબુ નાયડુએ અમરાવતીને રાજધાની શહેર બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે ગ્રીનફીલ્ડ રાજધાની અમરાવતીને પર્યાવરણની દ્રષ્ટિએ વધુ સમૃદ્ધ બનાવવાનું સપનું ડોયુ હતું. આ શહેર વિજયવાડા અને ગુંટૂર શહેરની વચ્ચે સ્થિત છે અને તેમાં ૨૯ ગામ સામેલ છે. એક રિપોર્ટ પ્રમાણે લોકસભા ચૂંટણીના પરિણામ આવ્યા બાદ જ આંધ્ર પ્રદેશના અમરાવતી શહેરમાં રિયલ એસ્ટેટની કિંમતોમાં ૫૦થી ૧૦૦%નો વધારો થયો છે. કારણ કે, ચંદ્રબાબુ નાયડુની અમરાવતી શહેરને રાજધાનીના રૂપમાં વિકસિત કરવાની શરૂઆતથી જ રુચિ રહી છે તેથી જો આગામી દિવસોમાં એ એલાન થાય તો તેનાથી અમરાવતીને ખૂબ ફાયદો થશે. આ સંભાવનાના કારણે અમરાવતીમાં જમીન અને પ્રોપર્ટીની કિંમતોમાં ઝડપથી વધારો થયો છે.

શું છે જમીનના ભાવ

- ૨૦૧૯માં અમરાવતીમાં જમીનની કિંમત ૨૫,૦૦૦ થી ૬૦,૦૦૦ સ્ક્વેર યાર્ડ હતી.

- જગન મોહન રેડ્ડીની સરકાર બન્યા બાદ આ જમીનની કિંમત ૯,૦૦૦ થી ૧૮,૦૦૦ રૂપિયા સ્ક્વેર યાર્ડ થઈ ગઈ હતી.

- હવે ચંદ્રબાબુ નાયડુની સત્તામાં વાપસી બાદ અહીં જમીનની કિંમતો ૩૦,૦૦૦ થી ૬૦,૦૦૦ રૂપિયા સ્ક્વેર યાર્ડ થઈ ગઈ છે.

અમરાવતીમાં એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યૂટ, હાઈકોર્ટ, વિધાનસભા, સચિવાલય અને કેન્દ્ર સરકારની સંસ્થાઓ નજીક જમીનોની સૌથી વધુ માગ છે. રિટેલર્સ, બ્રોકર્સ અને ખેડૂતો પાસે જમીન ખરીદવા માટે અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાંથી ઓફર આવી રહી છે.

શહેરના ખેડૂતોને આશા છે કે, ચંદ્રબાબુ નાયડુ ૧૨ જૂને મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કરશે અને પીએમ મોદી શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે. જો આ અવસર પર અમરાવતીને લઈને કોઈ મોટી જાહેરાત કરવામાં આવે તો અહીંની જમીનના ભાવમાં વધુ વધારો થશે.

## દ્વારકાના દરિયાકાંઠેથી ફરી રૂ.૧૬ કરોડનો ચરસનો જથ્થો મળ્યો, પોલીસ તપાસ શરૂ



સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી અવારનવાર ડ્રગ્સ પકડાય છે. ત્યારે ફરી એકવાર દ્વારકાના દરિયાકાંઠેથી એસઓજી પોલીસને પેટ્રોલિંગ દરમિયાન ૩૨ કિલો ચરસ મળી આવ્યું છે. જેની કિંમત આસરે ૧૬ કરોડ રૂપિયા બતાવવામાં આવી રહી છે. પોલીસે ચરસના ૩૦ પેકેટ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ડ્રગ્સ માફિયાઓએ હવે નવો પેતરો અપનાવ્યો છે. જેમાં ઈન્ટરનેશનલ સી બોર્ડર પરથી ડ્રગ્સના પેકેટ પ્લાસ્ટીકની કોથળીમાં પેક કરી દરિયામાં ફેંકી દેવામાં આવે છે જે તણાઈને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠે પહોંચ્યા બાદ ડ્રગમાફિયાઓના એજન્ટો દ્વારા ડ્રગ્સના આ પેકેટો મેળવી પંજાબ, મુંબઈ સહિતના શહેરોમાં વેચી નાખવામાં આવતું હોવાનું એક નેટવર્ક ચાલી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, કચ્છના ગાંધીધામ નજીક દરિયાયી કાંઠેથી બાવળની જાળીમાંથી કરોડો રૂપિયાની કિંમતનું ડ્રગ્સ મળી આવ્યું હતું. જેના હજુ સુધી કોઈ આરોપીઓ પકડાયા નથી.

## સુરતના વરાછામાં હિટ એન્ડ રન, બેફામ કાર ચાલકે સાત લોકોને અડફેટે લીધા, ત્રણના મોત



ગુજરાતમાં અકસ્માતની ઘટનામાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ એક સુરતમાં અકસ્માતની ગોઝારી ઘટના સામે છે. વરાછા વિસ્તારમાં શુક્રવારે (સાતમી જૂન) રાત્રે પુરપાટ ઝડપે આવતી કારે રોડની બાજુમાં પોતાના વાહનો સાથે બેઠેલા સાત લોકોને અડફેટે લીધા હતા. જેમાં એક બાળક સહિત ત્રણ લોકોના મોત થયા છે અને ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી બેની હાલત ગંભીર છે. મળતી માહિતી અનુસાર, સુરત શહેરના મોટા વરાછા વિસ્તારમાં શુક્રવારે રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ સુમારે એક હોન્ડા સિટી કાર પુરપાટ ઝડપે દોડી રહી હતી. આ દરમિયાન કાર ચાલકે કારના સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો

## ચૂંટણી પ્રચાર કરવા નીકળેલા વડાંપ્રધાન પર યુવકે તકનો લાભ લઈ હુમલો કરતાં હડકંપ

ડેનમાર્ક વડાંપ્રધાન મેટે ફ્રેડરિક્સન પર શુક્રવારે કોપનહેગનના કલ્ટોરવેટ (સ્ક્વેર, રેડ)માં એક વ્યક્તિએ હુમલો કર્યો હતો. જો કે આ હુમલામાં વડાંપ્રધાનને કોઈ ઈજા થઈ ન હતી, પરંતુ તેમને તરત જ ત્યાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. એક સ્થાનિક રહેવાસીએ જણાવ્યું હતું કે ફ્રેડરિકસન હુમલામાં ઘાયલ થયા નથી. આ ઘટના બાદ હુમલો કરનારની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે તેઓએ એક વ્યક્તિની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે અને ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે વધુ માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો.ઘટના સ્થળે કામ કરનાર એક વ્યક્તિએ જણાવ્યું હતું કે, ×એક વ્યક્તિએ આવીને વડાંપ્રધાનને તેમના ખભા પર જોરથી ધક્કો માર્યો, જેના પછી તે પડી ગયા હતા અને તણાવગ્રસ્ત દેખાતા હતા.×

## ઓડિશા, આંધ્ર-અરુણાચલની નવી સરકારના શપથ ગ્રહણમાં મોદી હાજરી આપશે

નવીદિલ્હી,તા.૮

નરેન્દ્ર મોદી બનારસની મુલાકાતઃ વડાપ્રધાન તરીકે શપથ લીધા બાદ નરેન્દ્ર મોદી તેમના સંસદીય ક્ષેત્ર બનારસની મુલાકાત લઈ શકે છે. આ અંગેની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. નરેન્દ્ર મોદી ૯ જૂન, રવિવારે સાંજે ૭:૧૫ કલાકે સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેશે. રાષ્ટ્રપતિ ભવને પણ શપથ ગ્રહણ સમારોહને લઈને એક નિવેદન બહાર પાડ્યું છે. વડાપ્રધાન તરીકે શપથ લીધા બાદ આગામી ત્રણ દિવસનો તેમનો કાર્યક્રમ જાહેર થયો છે.મળતી માહિતી મુજબ વડાપ્રધાન તરીકે શપથ લીધા બાદ નરેન્દ્ર મોદી અરુણાચલ પ્રદેશ, ઓડિશા અને આંધ્ર પ્રદેશ જશે. તાજેતરમાં સંપન્ન થયેલી વિધાનસભા ચૂંટણી બાદ અહીં નવા મુખ્યમંત્રીનો શપથ સમારોહ યોજાશેવડાપ્રધાન તરીકે શપથ લીધા બાદ નરેન્દ્ર મોદી ૧૦મીએ ભુવનેશ્વર જશે. તેઓ ઓડિશા રાજ્ય સરકારના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે. આ પછી, તેઓ ૧૧ જૂને અરુણાચલ પ્રદેશના શપથ ગ્રહણ સમારોહનો ભાગ બનશે. આ સાથે જ તેઓ ૧૨મીએ આંધ્રપ્રદેશમાં શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે.

## લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ૨૪ મુસ્લિમ નવા ચૂંટાયેલા સાંસદોએ જીત મેળવી

નવીદિલ્હી,તા.૮

દેશની સંસદમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ૨૪ મુસ્લિમ નવા ચૂંટાયેલા સાંસદોએ જીત મેળવી છે. ૨૪માંથી ૨૧ વિરોધ પક્ષના છે. કોંગ્રેસના ૯ મુસ્લિમ સાંસદ છે. આ પછી ટીએમસીના ૫, સમાજવાદી પાર્ટીના ચાર, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના બે અને નેશનલ કોન્ફરન્સના એક સાંસદ છે. એઆઈએમઆઈએમમાં મુસ્લિમ સાંસદ અસદુદ્દીન ઓવૈસી લાંબા સમયથી લોકસભાના સાંસદ છે. આ સિવાય બે મુસ્લિમ સાંસદો પણ છે જેઓ સ્વતંત્ર રીતે જીવે છે .બારામુલાથી એન્જિનિયર રાશિદ અને લદ્દાખમાંથી મોહમ્મદ હનીફા સિવાય સત્તારૂઢ એનડીએ પાસે એક પણ મુસ્લિમ સાંસદ નથી.હવે લોકસભાની કુલ સંખ્યાબળમાં મુસ્લિમોનો હિસ્સો માત્ર ૪.૪૨% છે. આ અત્યાર સુધીનો બીજો સૌથી ઓછો શેર છે. ૧૯૮૦માં રેકોર્ડ ૪૯ મુસ્લિમ સાંસદો ચૂંટાયા અને ૧૯૮૪માં ૪૫ મુસ્લિમ સાંસદો (ગૃહના ૮.૩%) ચૂંટાયા પછી, લોકસભામાં મુસ્લિમોની સંખ્યા ૪૦થી ઉપર ગઈ નથી.

છેલ્લી ત્રણ લોકસભા ચૂંટણીમાં મુસ્લિમ સાંસદોનું પ્રમાણ ૫%થી નીચે ગયું છે, જ્યારે ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર કુલ વસ્તીમાં મુસ્લિમોનો હિસ્સો ૧૪% છે. મુખ્ય પક્ષોમાં, ૨૦૧૯ અને ૨૦૧૪ની લોકસભા ચૂંટણીની સરખામણીમાં આ વર્ષે ઓછા મુસ્લિમો મેદાનમાં હતા. તેમાંથી ૧૧ મુખ્ય પક્ષોએ કુલ ૮૨ મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે, જેમાંથી ૧૬ જીત્યા છે. ૨૦૧૯માં, આ પક્ષોએ ૧૧૫ ઉમેદવારો ઉભા રાખ્યા હતા, જેમાંથી ૧૬ વિજેતા બન્યા હતા.

૨૦૧૯ અને ૨૦૨૪માં ભાજપે આ ૬૫ મતવિસ્તારોમાં અનુક્રમે ૨૫ અને ૨૦ બેઠકો જીતી હતી. કોંગ્રેસે ૨૦૧૯માં ૧૨ બેઠકો અને૨૦૨૪માં૧૩બેઠકોજીતીહતી.

## તંત્રી લેખ......

# તાઈવાનની આસપાસ ફરી દેખાયા ચીનના ફાઈટર પ્લેન, બંને દેશો વચ્ચે તણાવ વધ્યો

તાઈવાનના રક્ષા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે મંગળવાર અને બુધવારે સવારે લગભગ ૨૬ ચીની ફાઈટર પ્લેન અને ૧૦ યુદ્ધ જહાજ તાઈવાનની સરહદ નજીક જોવા મળ્યા હતા. તાઈવાનના મીડિયા અનુસાર, ૨૬માંથી ૧૯ ફાઈટર પ્લેન્સે ચીન અને તાઈવાનની સરહદને વિભાજિત કરતી મધ્ય રેખાને પણ ઓળંગી હતી. ચીનની આ કાર્યવાહીને ઉશ્કેરણીજનક કાર્યવાહી ગણાવવામાં આવી રહી છે.

તાઈવાનના મીડિયાએ અહેવાલ આપ્યો છે કે ચીનના ફાઈટર પ્લેનના જવાબમાં તાઈવાને પણ તેના ફાઈટર પ્લેન અને યુદ્ધ જહાજો મોકલ્યા છે. આ ઉપરાંત, તેણે દરિયાકાંઠાના વિસ્તારોમાં તેની મિસાઈલ સિસ્ટમને પણ સક્રિય કરી છે, જેથી ચીનની કોઈપણ ઉદ્ધતાઈનો જવાબ આપી શકાય. નોંધનીય છે કે નવા રાષ્ટ્રપતિ લાઈ ચિંગ તેહે ૨૦ મેના રોજ તાઈવાનના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. નવી સરકારની રચના બાદથી ચીનનું વલણ આક્રમક રહ્યું છે અને તેના ફાઈટર પ્લેન અને યુદ્ધ જહાજો સતત તાઈવાનની આસપાસ ઘૂમી રહ્યા છે. ચીનની આ કાર્યવાહીને ઉશ્કેરણી તરીકે જોવામાં આવી રહી છે. હકીકતમાં, તેમના શપથ ગ્રહણ સમારોહ દરમિયાન, નવા રાષ્ટ્રપતિ લાઈ ચિંગ તેહે તેમના ભાષણમાં તાઈવાનની સ્વતંત્રતા વિશે વાત કરી, જેનાથી ચીન નારાજ થઈ ગયું. હાલમાં જ ચીની સેનાના વરિષ્ઠ અધિકારી કર્નલ વુ કિયાને કહ્યું હતું કે તાઈવાનની આઝાદીનો અર્થ માત્ર યુદ્ધ છે

## સમસ્ત મહાજન દ્વારા મહારાષ્ટ્ર ગૌ સેવા આયોગ, મહારાષ્ટ્ર સરકારને

# મહારાષ્ટ્રની તમામ ગૌશાળાઓ અને પાંજરાપોળને દૈનિક, કાયમી ?૧૦૦ની પશુ દીઠ સબસિડી મળે તેવી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી, ઉપ મુખ્યમંત્રી તેમજ પશુપાલન મંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરાશે



વૈશ્વીક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર, જનની સુખાકારી માટે કાર્યરત સમસ્ત મહાજન દ્વારા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી અને ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય ડૉ. ગીરીશ શાહ દ્વારા મહારાષ્ટ્ર ગૌ સેવા આયોગનાં અધ્યક્ષ શેખરજી મૂંદડાં તેમજ અન્ય પદાધિકારીઓ, અધિકારીઓને મહારાષ્ટ્રની તમામ ગૌશાળાઓ અને પાંજરાપોળને દૈનિક, કાયમી ?૧૦૦ પશુ દીઠ સબસિડી આપવાની રજૂઆત કરવામાં આવી હતી.

આગામી સમયમાં મહારાષ્ટ્ર રાજ્યની ચૂંટણીની આચારસંહિતા લાગુ કરવામાં આવશે તે પહેલાં, મહારાષ્ટ્રની તમામ ગૌશાળાઓ અને પાંજરાપોળને પશુ દીઠ ?૧૦૦ની દૈનિક, કાયમી પશુદીઠ સબસિડી મળે તેવી આગામી તા. ૧૭ જુન, તથા ૧૮ જુનના રોજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી, ઉપ મુખ્યમંત્રી તેમજ પશુપાલન મંત્રી, ગૌસેવા આયોગના અધિકારીઓને રૂબરૂ મળીને મહારાષ્ટ્રના તમામ જીલ્લાઓમાં આવેલ ગૌશાળા-પાંજરાપોળોના સંચાલકો, પ્રતિનિધીઓ ભેગા મળીને રજૂઆત કરશે. વધુમાં ગૌશાળા મહાસંઘ મહારાષ્ટ્રના ડો. સુનીલ સુર્યવંશીએ જણાવ્યું છે કે, તા.૧૦, ૧૧ જુન મહારાષ્ટ્રની તમામ ગૌશાળા–પાંજરાપોળોના સંચાલકો હાજર રહીને મહારાષ્ટ્રના તમામ જીલ્લાના કલેકટરોને રજૂઆત કરશે. ડો. સુનીલ સૂર્યવંશીએ દરેક જીલ્લામાં ગૌસેવા આયોગના અધીકારીઓની આગેવાનીમાં જીવદયાપ્રેમીઓએ આ કામ કરવું જોઈએ તેવું જણાવેલ હતું.અત્રે ઉલેખનીય છે કે, સમસ્ત મહાજનના ડો.ગીરીશભાઈ શાહ અને મિતલ ખેતાણીના માર્ગદર્શન હેઠળ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી રહી છે.

# ૬૫ વર્ષ જૂની શેઠ બી એમ હાઇસ્કુલ પાટણના વિદ્યાર્થીઓએ તેજસ્વી પરિણામ ની અતૂટ પરંપરા જાળવી

તાજેતરમાં નીટ પરીક્ષાના પરિણામો જાહેર થયા

જેમાં બી એમ હાઈસ્કુલે અવ્વલ નંબર મેળવેલ છે

અમીન ઉર્વીલ નરેશભાઈ એ આખા ભારતમાં ૧૩૮ મો નંબર અને ગુજરાતમાં સાતમો નંબર મેળવેલ

અને ઉત્તર ગુજરાતમાં પ્રથમ નંબર મેળવેલ છે તેણે

૭૨૦ માંથી ૭૧૫ ગુણ મેળવેલ છે આ વિદ્યાર્થી શેઠ બી એમ હાઈસ્કુલ માં અભ્યાસ કરેલ છે શેઠ બી.એમ. હાઈસ્કુલ સ્કૂલ ગ્રાન્ટેડ શાળા છે જે ગર્વ ની બાબત છે

પાટણ જિલ્લામાં બીજો નંબર જય ઠાકોરે મેળવેલ છે જેણે ૭૨૦ માંથી ૬૮૫ ગુણ મેળવેલ છે યસ લેઉવા એ ૭૨૦ માંથી ૬૬૭ ગુણ મેળવી જિલ્લામાં ચોથો નંબર મેળવેલ છે ત્રણે વિદ્યાર્થીઓ

શેઠ બી એમ હાઈસ્કુલ માં અભ્યાસ કરે છે

ઉલ્લેખનીય છે કે ઉત્તર ગુજરાતની કથિત પ્રતિષ્ઠિત ખાનગી શાળાના વિદ્યાર્થીઓ કરતા પણ આ ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓએ વધુ ગુણ મેળવીને ગ્રાન્ટેડ શાળા શ્રેષ્ઠ શાળા, ગ્રાન્ટેડ શાળા નો શ્રેષ્ઠ વિદ્યાર્થી સાબિત કરેલ છે ઉલ્લેખનીય છે કે ગ્રાન્ટેડ એવી શ્રી બી. એમ. હાઈસ્કુલ ના દર વર્ષે ૨૦ થી ૨૫ વિદ્યાર્થીઓ મેડિકલમાં પ્રવેશ મેળવે છે જે આ શાળાની સિદ્ધિ છે

આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી આર.એન.પટેલ, શાળાના કેળવણી મંડળના સ્થાનિક મંત્રી શ્રી પી. એલ. પટેલ તેમજ શાળા પરિવારે શુભેચ્છાઓ પાઠવેલ

નોંધનીય બાબત છે કે પાટણ જિલ્લાના ઈતિહાસમાં સૌપ્રથમવાર પાટણ જિલ્લામાં ધોરણ ૧૦ માં ૪૫ વિદ્યાર્થીઓ એ ૧ ગ્રેડ મેળવેલ એ ૨ ગ્રેડ મેળવેલ વિદ્યાર્થીઓ ૧૦૭ છે હાલના સમયમાં ખાનગી શાળાઓનું વર્ચસ્વ વધી રહ્યું છે ત્યારે આ ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓ એ બાજી મારી છે જે ગર્વની બાબત છે ઉત્તર ગુજરાતની કથિત પ્રતિષ્ઠિત ખાનગી શાળાઓના નીટના પરિણામો પણ

આ શાળાના વિદ્યાર્થીઓ કરતા ઘણા ઓછા છે

સરકારશ્રી ની ગ્રાન્ટ ઉપર નિર્ભર રહેતી આવી ગ્રાન્ટેડ શાળાઓ ગરીબ, મધ્યમ વર્ગના બાળકો માટે આશીર્વાદરૂપ છે જે ખૂબ જ મામુલી ફી માં અભ્યાસ કરાવે છે

# હવે આપણને વિશ્વ ગુરૂ બનતા કોઇ પણ મહાસતા કે તાકાત રોકી શકે નહીં. જય હો!!

યુગોથી પ્રાચીન અને અર્વાચીન વચ્ચે ખૂંખાર લડાઈ ચાલી રહી છે. વલ્લકલ પહેરનારને ધોતી કે ધોતિયું પહેરનાર સામે ઉગ્ર વિરોધ છે.ધોતિયું પહેરનારને પેન્ટ પહેરનાર સામે તીવ્ર વાંધા વિરોધ છે. પેન્ટ પહેરનારને શોર્ટસ પહેરનારને સામે વાંધો છે.

આ જ રીતે પંજાબી ડ્રેસ પહેરનાર મહિલા માટે કછોટાધારી સાડીધારી બેનોનો વિરોધ હોય છે. જીન્સ-ટીશર્ટ પહેરનારી આધુનિકા સામે સાડીધારીનો સદૈવ મોરચો મંડાયેલો હોય છે!!

લાડુ-લાપશી સામે કેક અને રોટલા સામે પિત્ઝા, નારિયેળ પાણી સામે કોલ્ડ ડ્રિંક સામે વિરોધ હોય છે.ખીચડી સામે બિરયાનીનો મોરચો મંડાયેલો હોય છે!!

એક પેઢી નોસ્ટાલજિયા એટલે કે ભૂતકાળને ગાય-ભેંસની માફક વાગોળે છે. એમને જૂનું બધું સારૂં લાગે છે, નવું બધુ નકામું લાગે છે. બંને સામસામે એકમેકને ભાંડે છે!!

એક સમયે પતિ નિધન પામે પછી નવવિધવા પતિની ચિંતા પર ચડીને સ્વૈચ્છિક રીતે સતી હતી. રાજા રામમોહન રાયે રજૂઆત કરતાં વિલિયમ બેન્ટિકે સતી પ્રથાને રદ કરી હતી. તે જમાનામાં પુરૂષ પત્નીની ચિતા પર ચડીને સતો થયો હોય તેમ જણાતું નથી. ઉલ્ટાનું પુનઃલગ્ન કરવાની ઈચ્છા ધરાવનાર પતિ તેની પત્નીને અંતિમ વિદાય આપવા સ્મશાને પણ આવતો ન હતો!!એક પણ પતિ પત્ની મરણ પામી હોય તો તેની ચિતા પર ચડી સતો થયો હોય એવું ઈતિહાસના ચોપડે નોધાયુ નથી!

આજે લગ્ન માટે યુવક- યુવતીના પરિચયમેળા યોજાય છે. જૂના જમાનામાં રાજકુમારી લગ્ન માટે સ્વયંવર યોજાતો હતો. રાજકુમારી સિવાય વૈશ્ય કે વિપ્રકન્યા સ્વયંવર યોજતી હતી કે કેમ તે સવાલ નિરુત્તર છે. એ જમાનામાં કોઈ રાજકુમારના લગ્નાર્થે સ્વયંવહુ સમારોહ યોજાતો હતો કે કેમ એવું ઈતિહાસના ચોપડે શોધ્યુંયા જડતું નથી!

પંચતંત્રની વાર્તામાં મંદગતિ અને ઝડપી ગતિની સ્પર્ધા કાચબા અને સસલાની દોડ તરીકે આલેખવામાં આવેલ છે. જેમાં કાચબો વિરામ લીધા સિવાય લક્ષ્યાંક પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ચાલીને જીત મેળવે છે!!

હિન્દી સિનેમાના માઈલસ્ટોનસમાન ઓલ ટાઈમ ગ્રેટ સિનેમા " નયા દૌર" માં પ્રાચીન સભ્યતા અને નવી સભ્યતા વચ્ચેની કશમકશ કલાત્મક રીતે રજૂ થઈ છે. તિસરી કસમના રાજકપૂરની માફક દિલીપકુમાર કોચવાન કે ટાંગેવાલા હોય છે. અલબત, મર્દ ટાંગેલાલા ગીતના અમિતાભ બચ્ચન જેવો મારધાડ ટાંગેવાલા ન હતો. વિક્ટોરિયા ૨૦૩ ના અશોકકુમાર જેવો દો બિચારે બિના સહારે કુછ કુછ કરે ટાઈપ પણ ન હતો.

વિલન-જીવન-અજીત વિલન હોય છે.જીવનની બસ સેવા હોય છે.ગામમાં આધુનિતા લાવવાનો હિમાયતી હતો. જેના લીધે પરંપરાગત વ્યવસાયમાં પ્રવૃત લોકો બેરોજગાર થઈ જવાની ભીતિ હતી. દિલીપકુમાર ગામના જમીનદારને રજૂઆત કરે છે. જમીનદાર ટાંગા અને બસ વચ્ચે સ્પર્ધા કરવા અને જેની જીત થાય તે મુજબ ગામમાં વ્યવસ્થા સુનિશ્ચિત થશેતેમ જણાવ્યું.

ગામમાં એક દિવસ ટાંગા અને બસની હરીફાઈ થઈ!! અનેક આરોહઅવરોહના અંતે દિલીપકુમારની જીત થઈ!! ઓ. પી. નૈયરનું બહેતરીન સંગીત અને બી.આર. ચોપડાનું દિગ્દર્શન ફિલ્મનું જમા પાસુ હતું. "ઉડે જબ જબ ઝૂલ્ફે તેરી " જેવું કર્ણમંજુલ ગીત ઓલ ટાઈમ હીટ હતું .

સને ૧૯૮૦માં સ્કાયલેબ તૂટી જવાની હતી ત્યારે ઘણા લોકો શહેર છોડીને ગામડામાં સાથે મરવા પહોંચી ગયા હતા. કૂવામાં ખાટલા ઉતારી અંદર જતા રહેલા!!

મોગલો ભારતમાં તોપ અને દારૂગોળા જેવા આધુનિક શસ્ત્રો સાથે ચડાઈ કરી હતી ત્યારે તેનો સામનો કરવા માટે રાજાઓ આધુનિક હથિયારોને બદલે તીરકામઠા, તલવાર, ભાલા, ઘોડા,હાથીથી લડ્યા અને મચ્છરની જેમ ખપી ગયા!!

તમને એ થશે કે આ વાતોનો શું મતલબ છે??

હમણાં એક ઘટના બની. દહેગામ તાલુકાના હરખજીના મુવાડા, પાલુંદ્રા અને દેવકરણના મુવાડામાં ગઈકાલે મંગળવારે રાત્રે અચાનક દસેક જેટલા ડ્રોન ઘોંઘાટ સાથે આવી પહોંચતા ગ્રામજનોમાં કુતૂહલની સાથે ફફડાટ ફેલાઈ ગયો હતો. આ મામલે સ્થાનિક ધારાસભ્યથી માંડીને આખું દહેગામ વહીવટી તંત્ર ગાઢ નિદ્રામાં રહ્યું હતું. રાત્રીના બારેક વાગ્યાના અરસામાં અચાનક ઘોંઘાટ સાથે ડ્રોન આવી ચડ્યા હતા. જેનાં કારણે ગ્રામજનો જાગી ગયા હતા. આશરે ત્રીસેક ફૂટની ઊંચાઈએ ડ્રોન ઊડવાના કારણે ગ્રામજનો ફફડી ઉઠ્યા હતા. જેમાં ઘણા ગ્રામજનોએ ડરના માર્યા લાકડીઓ, ધોકા જેવા હથિયારો પણ હાથમાં લઈ લીધા હતા.

બોલો ઊડતા ડ્રોનને હણવાનો કેટલો ઈન્ટેલિજન્ટ અને અલ્ટ્રા મોડર્ન ઈન્સ્ટ્રુમેન્ટ!! હવે આપણને વિશ્વ ગુરૂ બનતા કોઈ પણ મહાસતા કે તાકાત રોકી શકે નહીં. જય હો!!

ભરત વૈષ્ણવ

# ફરી એકવાર સુપરસ્ટાર હિતેનકુમાર એક અલગ અંદાજ માં આવી રહ્યા છે , ફિલ્મ ચૂપ લઈને




ગુજરાતી ફિલ્મ જગતે અત્યારે હરણફાળ ભરી છે ,ત્યારે ચૂપ નામ ની એક ગુજરાતી ફિલ્મ આવી રહી છે , જેનાં નિર્માતા છે ડી બી પિકચરઝ , દિગ્દર્શક છે નિશીથકુમાર બ્રહ્મભટ્ટ અને લેખક છે ઋષિકેશ ઠક્કર. ફિલ્મ ની વાર્તા વિક્રમ અને વિદ્યા નામના એક આધેડ વય નાં કપલ અને રોહન , વિકી , જીગો , આયુષી ,રાજવી જેવાં યંગ સ્ટર્સ વચ્ચે એક મર્ડર બાબતે કોલ્ડ વૉર ની છે. ટૂંક માં વાર્તા એવી કંઈક છે કે રોહન ના સામે ના ઘર માં વિક્રમ વિદ્યા રહેવા આવે છે , એકવાર રાજવી વિક્રમને એક છોકરી નું મર્ડર કરતા જોઈ જાય છે , હવે એ ઘટના સત્ય છે કે પછી રાજવી નો ભ્રમ , આ ઘટના માટે વિક્રમ અને આ યંગ સ્ટર્સ વચ્ચે સંતા કુકડી નો ખેલ રચાય છે.આ કેસ ઉકેલવામાં ઈન્સ્પેક્ટર વાઘમારે અને હવાલદાર રાઠવા જે રીતે જોડાય છે એમાં ઘણી કોમેડી પણ થાય છે. ફિલ્મ ની વાર્તા વિષે વધારે નહિ કહી શકાય કારણ કે આ એક સસ્પેન્સ ફિલ્મ છે પણ પ્રેક્ષકો ને જરૂર થી મજા પડશે. અત્યારે જયારે ગુજરાતી પ્રેક્ષકો ઘણી આશાઓ લઈને કંઈક નવું અને મનોરંજક જોવા આવે છે તો અમને ખાતરી છે કે અમે એમની કસોટી પર ખરાં ઉતરીશું અને હાં, આ ફિલ્મ માં અપાયેલો મેસેજ એક સુંદર પાઘડી ની માથે છોગા જેવું કામ કરશે. આ ફિલ્મ એટલે મનોરંજન નો મહાપ્રસાદ.ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં છે સુપર સ્ટાર હિતેનકુમાર , મોરલી પટેલ , આકાશ પંડ્યા , વિકી શાહ , હેમાંગ દવે , હિના જયકિશન , ધ્વનિ રાજપૂત , પૂજા દોશી , હેમીન ત્રિવેદી , મગન લુહાર જેવા પ્રતિભાશાળી કલાકારો. ફિલ્મ માં સસ્પેન્સ , કોમેડી , ઈમોશન , ડ્રામા , રોમાન્સ બધું જ છે , ટૂંક માં ફૂલ એન્ટરટેઈન્મેન્ટ પેકેજ છે. આ ફિલ્મ ૭ જૂન ના રોજ ગુજરાત અને મુંબઈ ખાતે રિલીઝ થવા જઈ રહી છે.

# રામોજી ગ્રુપના ચેરમેન રામોજી રાવનું નિધન :હૈદરાબાદની હોસ્પિટલમાં દાખલ હતા

મીડિયા જગત અને રામોજી ગ્રુપના ચેરમેન રામોજી રાવનું શનિવારની સવારે ૪:૫૦ વાગ્યે નિધન થયું હતું. તેમણે હૈદરાબાદની સ્ટાર હોસ્પિટલમાં ૯૭ વર્ષીની ઉંમરે અંતિમ શ્વાસ લીધા હતા. મળતી માહિતી મુજબ તેઓ ૫ જૂનથી ઍમાં ભર્તી હતા.હૃદય સંબંધિત બિમારીના કારણે તેમને શ્વાસ લેવામાં તકલીફ હતી. રામોજી રાવના પાર્થિવ શરીરને એમના નિવાસ સ્થાન રામોજી ફિલ્મ સિટીમાં રાખવામાં આવ્યો છે. અહીંયા તેમને અંતિમ શ્રધ્ધાંજલી આપવામાં આવશે.મીડિયા જગતમાં રામોજી રાવનું બઉ મોટું



નામ છે. તેમની પાસે ઘણાખરા બિઝનેસ વેંચર અને પ્રોડક્શન હાઉસ છે. જેમાં ઉષા કિરણ મૂવીઝ, ફિલ્મ ડિસ્ટ્રિબ્યુશન કંપની મયુરી ફિલ્મ ડિસ્ટ્રિબ્યુટર્સ, ફાઇનાન્સિયલ સર્વિસ કંપની માર્ગદર્શી ચિટ ફંડ અને ડોલ્ફિન ગ્રુપ ઑફ હોટેલ્સ સામેલ છે.રામોજી ઈટીવી નેટવર્ક ટેલિવિઝન ચેનલના પ્રમુખ પણ હતા.

## રથયાત્રામાં કોઈપણ અનિચ્છનીય બનાવના બને તે માટે પોલીસનું રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ

# અમદાવાદમાં ૧૪૭મી ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે પોલીસ જવાનોની બુલેટ માર્ચ



અમદાવાદ,

૧૮૫૮ ની સાલથી દર વર્ષે અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળે છે, આ રથયાત્રા દર વર્ષે અષાઢી સુદ બીજના દિવસે નીકળે છે અને તેમાં ૩ રથ હોય છે જેમાં ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રા બિરાજમાન હોય છે અને કહેવામાં આવે છે કે દર વર્ષે ભગવાન નગરચર્ચાએ નીકળે છે અને કરોડો ભકતોને દર્શન આપે છે, આ રથયાત્રા જમાલપુર વિસ્તારમાં આવેલ વિશ્વ વિખ્યાત જગન્નાથજી મંદિરથી નીકળીને સરસપુરથી પરત નીજ મંદિરે આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદના જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરેથી ૭ જુલાઈ, ૨૦૨૪ ને રવિવારે એટલે કે અષાઢી સુદ બીજના દિવસે ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા ધૂમધામથી નીકળવાની છે ત્યારે ભક્તોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દર વર્ષે રથયાત્રામાં લાખોની સંખ્યામાં ભક્તો જોડાય છે. આથી, કોઈ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને અને શાંતિમય માહોલમાં રથયાત્રા યોજાય તે માટે અમદાવાદ પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત સુરક્ષાના ભાગરૂપે ક્રાઈમ બ્રાન્ચ, સાઈબર ક્રાઈમ અને એસઓજીને પણ જવાબદારી સોંપવામાં આવી છે.

આ વર્ષની રથયાત્રાને માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે રથયાત્રાના રૂટ પર અમદાવાદ શહેર પોલીસ ના અધિકારીઓ દ્વારા ફૂટ પેટ્રોલિંગ અને બુલેટ માર્ચ યોજાઈ હતી. આ બાબતે મળતી માહિતી મુજબ, ક્રાઈમ બ્રાન્ચ, સાઈબર ક્રાઈમ અને એસઓજી દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જયારે અમદાવાદ શહેર પોલીસ દ્વારા ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રાના રૂટ પર બુલેટ માર્ચ પણ કરવામાં આવી હતી. આમ રથયાત્રાના ૧૫ કિલોમીટરના રૂટ પર બુલેટ માર્ચ અને ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યુંહતું. રતન સમયે આશરે ૧૨૦ જેટલા બાઈકો સાથે પણ પેટ્રોલિંગ કરવામાં આવશે.

આ વર્ષે ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રાને લઈ અમદાવાદમાં જમાલપુર વિસ્તારમાં આવેલ ભગવાન જગન્નાથજી મંદિરના ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા પૂરજોશમાં તૈયારીઓ કરવામાં આવી રહી છે, જે હેઠળ રથયાત્રાના સંવેદનશીલ વિસ્તાર અને રૂટ પર ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ દ્વારા ફૂટ પેટ્રોલિંગ, થ્રીડી મેપિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સહિત અનેક ટેક્નોલોજીનો ચુસ્ત સુરક્ષા માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે રૂટની સાથે જ અલગ અલગ વિસ્તારોમાં ૧૫૦૦ થી વધુ સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SSN 0089**
વિષય "યહી હૈ જીંદગી"
શીર્ષક : જિંદગી જીવી લે
પ્રકાર : ગદ્ય
—-

આ જિંદગી મંળી છે. જીવી લે! સર્જનહારે આવી સુંદર તક આપી છે. માગ્યા વગર ઘણું આપ્યું છે, યાદી ખૂબ મોટી છે. આ ફેરો ફોગટ ન જાય તેનું ધ્યાન રાખજે.

માતા અને પિતાએ સુંદર સંસ્કાર આપ્યા. જેને કારણે તારું જીવન શોભી ઉઠયું.

બાળપણમાં ખેલકૂદ અને ગમ્મત સાથે પરિવારમાં રચ્યો પચ્યો રહ્યો. શાળામાં મસ્તી સાથે વિદ્યા પ્રાપ્ત કરી. સાહિત્ય, કલા અને રમતગમતમાં પ્રવીણતા કેળવી.

વાંચન, અનુભવ અને ઉચ્ચ શિક્ષણને કારણે જીવન દીપી ઉઠયું. સંસાર અસાર હોવા છતાં તેમ સાર પામ્યો. પ્રગતિના સોપાન સર કર્યા.

જન્મ ધર્યો ને મુસાફરી ચાલુ થઈ. ઝંઝાવાત આવ્યા , ભરતી ઓટ આવી હિંમત ન હારતાં સામી છાતીએ સામનો કર્યો. જીવન સફળ કરવાની હૈયે હામ હતી.

પ્રભુનો કંઈક તો ઈરાદો હશે! નિરાશ કેમ થવા દેવાય? ઉમંગ, ઉત્સાહ અને ધગશ સહિત જીવન જીવી તેની પાસે જઈશ.

જવાનું નક્કી છે. અંહી કાયમ કોઈ રહ્યું નથી અને રહેવાનું નથી. પાણીમાં દોરેલી લકીર સમાન આ જીવન પ્રેમથી જીવીશ. સત્કર્મ અને સદભાવનાનું આભૂષણ ધારી અંતિમ સમયે ચીર નિંદરમાં પોઢી જઈશ.

મુખ પર સ્મિત અને સંતોષની રેખા જડાયેલી હશે. ચાલ મન જીવન જીવી લેવા દે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS :150**
વિષય: યહી હૈ જિંદગી
શિર્ષક: જિંદગી
પ્રકાર : પદ્ય ગઝલ
શબ્દો : ૧૦૧
નામ : દેવેન્દ્ર જોશી

જિંદગીની રાહમાં ચડઉતર ચાલ્યા કરે;
ચડઉતરનો રાગ આ રોજ બદલાયા કરે.

જિંદગીનો ખેલ આ ક્યાં સુધી જોયા કરું;
ક્યાંક એ તો તારતી, ક્યાંક ડૂબાડયા કરે.

આમ હળવી હોય છે, તોય ભારે લાગતી;
ચાલ એની છે ગજબ, ક્યાંય ફંટાયા કરે..

સ્મિત કરતાં મુખ પર શું નજર એની પડી !
આંખમાંથી આંસુઓ રોજ છલકાયા કરે.

કોક ચડતો હોય છે, કોક પડતો હોય છે;
ક્રમ અવિરત ચાલતો માનવી જોયા કરે.

તક મળી જે કંઈ હવે, એ ઝડપવી જોઈએ;
મોં જો ધોવા જાવ તો, એ પછી સરક્યા કરે.

દેવેન્દ્ર જોશી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No :194**
વિષય : યહી હે જિંદગી
શીર્ષક : આહા!જિંદગી વાહ જિંદગી!
પ્રકાર : પદ્ય , શબ્દ : ૧૦૦
નામ : ખ્યાતિ જીગર દેસાઈ. (અમદાવાદ)

"સફર જિંદગીની છે આહા જિંદગી વાહ જિંદગી,
ચઢ ઉતરની ક્રમિક ભાષામાં રચાતી, અને એ જ ઘડતી આપણી જિંદગી.

ક્યાંક દેખાતો ખાલી ગ્લાસ તો ક્યાંક, વર્તાતો આટલોય છે ગ્લાસ,
અભિગમ જિંદગીનો જેવો કેળવો, એ જ પ્રમાણે જીવાતી જિંદગી.

ઋણાનુબંધનથી મળતા અનેક, અને સચવાતા સંબંધોના સરવાળે ગુંથાતી જિંદગી,
ઘણા આપતા આપણને સાથ, અને કોઈક ભણાવતા આપણને પાઠ..
એ જ..તો છે જિંદગી.

સમાધાન અને સહકારના સંગે બનતી સાચે જ વાહ જિંદગી,
અહંમ અને અધૂરપની ફરિયાદોથી જ બનતી બોઝિલ જિંદગી,

જીવવું કેવું એ છે આપણા હાથમાં એટલે, સ્વીકાર નિયતિનો બનાવતી સરસ જિંદગી,
આહહ.. અને વાહ! સાથે જીવવા નિજાનંદમા રહી જીવવું, રીત સાચી એજ છે જિંદગી."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG* *SS* *NO.* *0185***
પ્રકાર : ગદ્ય શબ્દો: ૧૫૩
વિષય : યહીં હે જિંદગી
શીર્ષક : બહુમૂલ્ય જિંદગી

છે આ જિંદગી ખૂબસૂરત, બહુમૂલ્ય છે આ જિંદગી,
સુખ કે દુ:ખ ભલે હોય, સ્વીકારશે પ્રેમે આ જિંદગી,

આશા નિરાશાના દરિયે, ચાહીને તરશે આ જિંદગી, વાવાઝોડાના વલયોને, હિંમતે પાર કરશે આ જિંદગી,

થોડામાં ઘણું માની, સમાજે સેવા કરશે આ જિંદગી,
હશે થોડું ક હાથમાં જો, હસીને ચાલશે આ જિંદગી,

હશે અઢળક અમીરાત તો, મદદરૂપ થશે આ જિંદગી,
સાથે કંઈ હશે નહીં, ખાલી હાથે છોડીશું આ જિંદગી,

કર્મોની ગાંસડી સાથે આવશે, નહિ રહે આ જિંદગી,
બનાવ જિંદગીને ઉજવળ, પ્રેમે જીવી લે આ જિંદગી,

મન કરે વિચારપપઆવી જ છે આ જિંદગી ?

લોભ, લાલચ, ફરિયાદો છોડ, ટૂંકી છે આ જિંદગી,
કાલે સંતોષ પામીશું માની, મહેનતી બની આ જિંદગી,

મનથી ઊર્મિ જાગી જીવવાની, મુંજાણી આ જિંદગી,
હૃદયે કરે સૌ વસવસો, રસ્તો ના બતાવે આ જિંદગી,

સ્વપ્નો સજાવ્યા ગણા, ધારેલું ના આપે આ જિંદગી,
થાય જિંદગીએ ઉતાર ચઢાવ, ન્યાય કરે આ જિંદગી,

બુદ્ધિથી ગોઠવ્યાં સોગઠાં, સફળ કરે ના આ જિંદગી,
"ઝરૂખો" કરે વિચાર, તત્વ જ રમાડે છે આ જિંદગી.

-દિલીપ સી. સોની "ઝરૂખો" અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 149**
વિષય યહી હે જિંદગી
પ્રકાર પદ્ય શબ્દો ૧૧૫
શીર્ષક જીવી લો જિંદગી
નામ : પલ્લવી જોષી. સરિતા
ગામ વડોદરા

છોડો ખોટી મોહ માયા ને આ જંજાળ,
જીવી લો આજે મસ્તીથી ભરી
જિંદગી.

છોડો દુનિયાની ખોટી ચિંતા ને આ ઉચાટ,
જીવી લો આજે મસ્તીથી ભરી
જિંદગી.

હસી ખુશીને મનાવી લો મોજ
સઘળી,
જીવી લો આજે મસ્તીથી ભરી
જિંદગી.

ઘર, પરિવારમાં વીતિ ગયા દિવસો યુવાનીનાં,
જીવી લો આજે મસ્તીથી ભરી જિંદગી.

પરિવારની ખુશીની ચાહમાં દોડી રહ્યો અહીં,
જીવી લો આજે મસ્તીથી ભરી જિંદગી.

સંતાન ને માબાપની સેવા અને
ચિંતામાં,
જીવી લો આજે મસ્તીથી ભરી જિંદગી.

જોતજોતામાં ઘડપણે હાજરી
પૂરી દીધી,
જીવી લો આજે મસ્તીથી ભરી જિંદગી.

છોડી જગતની માયામમતા હવે
અહીં,
જીવી લો આજે મસ્તીથી ભરી જિંદગી.

# હાઈવે પર રાત્રીના સમયે એકલ-દોકલ જતી વ્યક્તિને લૂંટતી ગેંગને પકડી પાડતી વડોદરા ક્રાઈમ બ્રાન્ચ

વડોદરા,

વડોદરા ક્રાઇમ બ્રાન્ચની ટીમને એક મોટી સફળતા મળી છે જેમાં હાઈવે પર રાત્રીના સમયે એકલ-દોકલ જતી વ્યક્તિવન પોતાનો શિકાર બનાવી લૂંટ ચલાવતી ગેંગ ને ઝડપી લેવામાં આવી છે. આ સમગ્ર ઘટના અંગે વાત કરીએ તો કપુરાઇ પોલીસ સ્ટેશનની હદમાં હાઇવે પર લૂંટની ઘટના નોંધાઇ હતી જેમાં એક ફરિયાદી પોતાના મિત્ર સાથે ટુ વ્હીલર પર કરજણ તરફ જઇ રહ્યા હતા ત્યારે તરસાલી ચોકડીથી જાંબુઆ બ્રિજ તરફ જતા મહાદેવ હોટલ નજીક ૫, જુનના રોજ રાત્રે ૭ વાગ્યે ઓટો રીક્ષામાં ત્રણ અજાણ્યા ઇસમો આવ્યા હતા. અને ટુ વ્હીલર ઉભુ રાખીને તેની સાથે ઝપાઝપી કરી લૂંટ ચલાવી હતી. આરોપીઓએ ફરિયાદીના શર્ટમાંથી રોકડા રૂ. ૫ હજાર કાઢી લીધા હતા. અને ઓનલાઈન રૂ. ૪ હજાર ટ્રાન્સફર કરાવ્યા હતા. ગુનાની ગંભીરતાને ધ્યાને રાખીને વડોદરા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ સામેલ થયા હતા.

વડોદરા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ દ્વારા સીસીટીવી અને સૂત્રો પાસેથી મળતી માહિતી ના આધાર પર તપાસ આગળ વધારી હતી જેમાં અગાઉ લૂંટના ગુનામાં સંડોવાયેલા શખ્સની સંડોવણી જણાતા ગોત્રી—સેવાસી રોડ પરથી કિરણ અંબાલાલ માછી (રહે. સિંધરોટ ગામ, કૃષ્ણાપુરા, વડોદરા), રસીક ચીમનભાઇ ચૌહાણ (રહે. રામપુરા ગામ, આંકલાવ) અને ભાવિક ઉર્ફે પન્નો અરવિંદભાઇ વાઘેલા (રહે. ગોકુળ નગર) ની અટકાયત કરી હતી. વડોદરા ક્રાઇમ બ્રાન્ચની પ્રાથમિક પુછપરછમાં જ તેઓ ભાંગી પડ઼?યા હતા. અને અને લૂંટ આચરી હોવાનું જણાવ્યું હતું. તમામ પાસેથી લૂંટ પૈકી રૂ. ૪ હજાર તેમજ ગુનો આચરવા માટે ઉપયોગમાં લીધેલ ઓટોરીક્ષા, મોબાઇલ ફોન મેળવી લેવામાં આવ્યા હતા. જે બાદ તમામને કપુરાઇ પોલીસ મથકમાં સોંપવામાં આવ્યા હતા. જ્યાં વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. પકડાએલા કિરણ માછી સામે વડોદરા શહેર-જિલ્લાના ૧૧ પોલીસ મથકમાં લૂંટ, ખુનની કોશિષ, ઇંગ્લીશ દારૂના ગુના નોંધાયા છે. ભાવિક વાઘેલા સામે ચોરીના બે ગુનાઓ વડોદરા શહેરના અલગ અલગ પોલીસ મથકમાં નોંધાવવા પામ્યા છે. તો રસીક ચીમન ચૌહાણ સામે શહેરના અલગ અલગ પોલીસ મથકમાં ચાર ગુના નોંધાયા છે.

વડોદરા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ આરોપીઓની તપાસમાં સામે આવેલી હકીકત મુજબ, આરોપીઓને તાત્કાલીક રૂપિયા મેળવવા હતા તેથી તેઓ લૂંટને અંજામ આપતા હતા. તેઓ ઓટો રીક્ષામાં વડોદરા શહેરને અડીને આવેલા હાઈવે રોડની ચોકડી પર રાત્રીના સમયે એકલ-દોકલ જતી વ્યક્તિ પર નજર રાખતા હતા. જેવા પસાર થાય તેવા રીક્ષામાં તેમનો પીછો કરતા હતા. હાઇવે રોડ પર જેવો નિર્જન વિસ્તાર આવે ત્યાં ટુ વ્હીલર પર જતા વ્યક્તિને માર મારીને લૂંટી લેવામાં આવતો હતો. લૂંટમાં ઓછા પૈસા મળે તો ઓનલાઇન રૂપિયા લૂંટતા તેઓ અટકાતા ન હતા.

# પશ્ચિમી હથિયારોનો કન્સાઈનમેન્ટ મળ્યા બાદ યુક્રેને ફરી એકવાર રશિયા સામે યુદ્ધમાં જોરદાર વાપસી કરી

તા. ૮


યુક્રેન અને રશિયા વચ્ચે છેલ્લા ૨ વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે જેનો હજી સુધી અંત આવ્યો નથી, પણ હવે યુક્રેન પાસે પશ્ચિમી હથિયારોનો કન્સાઈનમેન્ટ આવી ગયા બાદ ફરી એકવાર યુદ્ધમાં સક્ષમ થઈને પાછું ફર્યું હોય તેવું લાગી રહ્યું છે. યુક્રેને મોટા ડ્રોન હુમલામાં રશિયન તેલ સંશોધન પ્લાન્ટ અને ઇંધણ ડેપોને ઉડાવી દીધો છે. ક્રેમલિનના યુદ્ધના માર્ગને વિક્ષેપિત કરવાના કિવના સતત પ્રયાસો અને યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી દ્વારા બીજા વિશ્વયુદ્ધ પછીના યુરોપના સૌથી મોટા યુદ્ધમાં પશ્ચિમી ટેકો મેળવવા માટે યુક્રેનિયન ડ્રોને રશિયાની બોર્ડર વિસ્તારમાં એક રિફાઈનરી અને એક ઇંધણના ડેપો પર હુમલો કર્યો હતો. લક્ષિત વિસ્તારોના અધિકારીઓએ ગુરુવારે આ માહિતી આપી હતી. ઝેલેન્સકી ગુરુવારે ફ્રાન્સમાં ડી-ડે સમારોહમાં યુએસ રાષ્ટ્રપતિ જો બાઈડેન સહિત વિશ્વના નેતાઓમાં જોડાવા માટે સુનિશ્ચિત થયેલ છે. તેઓ શુક્રવારે ફ્રેન્ચ અધિકારીઓને મળવાના છે. ઝેલેન્સ્કીની મુલાકાત રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ચેતવણીના એક દિવસ બાદ આવી છે જેમા તેમણે કહ્યું હતું કે, રશિયા અન્ય દેશોને લાંબા અંતરના શસ્ત્રો પ્રદાન કરી શકે છે જેથી તેઓ પશ્ચિમી લક્ષ્યો પર હુમલો કરી શકે. ઉત્તર એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (એનએટીઓ)ના સાથીઓએ કહ્યું કે, તેઓ યુક્રેનને રશિયન પ્રદેશ પર હુમલો કરવા માટે કિવને પૂરા પાડવામાં આવેલા શસ્ત્રોનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે તે પછી આ ધમકી આવી છે.આ ઘટના બાબતે રોસ્ટોવના ગવર્નર વેસિલી ગોલુબેવે જણાવ્યું હતું કે, રશિયાના રોસ્ટોવ પ્રદેશમાં નોવોશાખ્તિન્સ્ક ઓઇલ રિફાઇનરીને રાતોરાત ડ્રોન દ્વારા હુમલો કરી દેવામાં આવ્યો હતો, જેના કારણે આગ લાગી હતી. તેમણે કહ્યું કે બીજા હુમલાને કારણે અગ્નિશામકોને અમુક સમય માટે સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. ચોક્કસ નુકસાન હજુ સુધી જાણી શકાયું નથી. ગોલુબેવે કહ્યું કે કોઈ જાનહાનિ થઈ નથી. અન્ય સરહદી વિસ્તાર (બેલગોરોડ)માં રાત્રે એક ડ્રોને તેલના ડેપો પર હુમલો કર્યો. ગવર્નર વ્યાચેસ્લાવ ગ્લાડકોવે જણાવ્યું હતું કે આ હુમલાના કારણે ઓઇલ સ્ટોરેજ ફેસિલિટીમાં વિસ્ફોટ અને આગ લાગી હતી. તેમણે કહ્યું કે આગ ઝડપથી કાબૂમાં આવી ગઈ હતી અને કોઈ જાનહાનિ થઈ નથી. અહેવાલની પુષ્ટિ કરવી તાત્કાલિક શક્ય ન હતું.




# પીએમ મોદીએ જૂની સંસદના સેન્ટ્રલ હોલમાં એનડીએના ઘટકોની બેઠકમાં તમામ લોકોનો હૃદયપૂર્વક આભર વ્યક્ત કયો

નવી દિલ્હી,

૨૦૨૪ લોકસભા ચૂંટણી જીત્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ વખત એનડીએની બેઠકને સંબોધિત કરી હતી. પીએમ મોદીએ શુક્રવારે આજે જૂની સંસદના સેન્ટ્રલ હોલમાં એનડીએના ઘટકોની બેઠક દરમિયાન ગૃહમાં હાજર તમામ લોકોનો હૃદયપૂર્વક આભર વ્યક્ત કર્યો. તેમણે આ દરમિયાન એનડીએનો અર્થ સમજાવતા કહ્યું કે, ન્યુ ઈન્ડિયા, દેવલપડ



નથી. ભારતના રાજકીય ઈતિહાસમાં અને ભારતીય રાજનીતિમાં ગઠબંધનના ઈતિહાસમાં, ચૂંટણી પહેલાનું ગઠબંધન ક્યારેય એટલું સફળ રહ્યું નથી જેટલું એનડીએને મળ્યું છે. એનડીએ માટે સત્તા મેળવવા કે સરકાર ચલાવવા માટે કેટલાક પક્ષોનો મેળાવડો નથી. આ નેશન ફર્સ્ટની મૂળ ભાવના સાથે નેશન ફર્સ્ટ માટે પ્રતિબદ્ધ જૂથ છે. એનડીએ સરકારે દેશને સુશાસન આપ્યું છે અને એક રીતે એનડીએ

લોકતંત્રની તાકાત જુઓ કે ૨૨ રાજ્યોમાં લોકોએ તેમને સરકાર બનાવવાની તક આપી છે. ભારતના મૂળમાં જે સમાયેલું છે તેનું તે પ્રતિબિંબ છે. હું આ એટલા માટે કહી રહ્યો છું કારણ કે જો તમે એક નજર નાખો તો આપણા દેશમાં આવા ૧૦ રાજ્યો છે જ્યાં આદિવાસી લોકોની સંખ્યા પ્રભાવશાળી છે. એનડીએ ૧૦ માંથી ૭ રાજ્યોમાં સેવા આપી રહ્યું છે જ્યાં આદિવાસી વસ્તી વધારે છે. જ્યાં ખ્રિસ્તી ભાઈ-બહેનો છે

ઘણી વખત કહ્યું છે કે સરકાર ચલાવવા માટે બહુમતી જરૂરી છે, એ લોકશાહીનો સિદ્ધાંત છે, પરંતુ દેશ ચલાવવા માટે સર્વસંમતિ ખૂબ જ જરૂરી છે. હું દેશવાસીઓને આશ્વાસન આપવા માંગુ છું કે જે રીતે તમે અમને બહુમતી આપીને સરકાર ચલાવવાની જવાબદારી સોંપી છે, અમે દેશને સર્વસંમતિથી આગળ લઈ જવામાં કોઈ પણ જાતની કસર છોડવામાં નહીં આવે.

આ ઉપરાંત પીએમ

મને સર્વસંમતિથી ચૂંટ્યો અને મને નવી જવાબદારી સોંપી. આ માટે હું આપ સૌનો ખૂબ ખૂબ આભારી છું. મારા અંગત જીવનમાં હું જવાબદારીની લાગણી અનુભવું છું. ૨૦૧૯માં જયારે હું ગૃહમાં બોલી રહ્યો હતો ત્યારે મેં એક વાત પર ભાર મૂક્યો હતો — વિશ્વાસ. આજે, જયારે તમે મને ફરી એકવાર આ જવાબદારી સોંપી છે, તો તેનો અર્થ એ છે કે અમારી વચ્ચે વિશ્વાસનો સેતુ

# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ આયોજિત રક્તદાન સપ્તાહ







ગરમી ની સીઝન મા લોહી ની જરૂરિયાત વધી જાય છે ત્યારે વિવિધ સંસ્થા ઓના ભગીરથ પ્રયાસ થી રક્તદાન સપ્તાહ ઉજવામા આવે છેઆજ રોજ ધ અમદાવાદ ઓઈલ મરચૅન્ટ એસોસિએશન ના ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું ૩૦ થી વધુ રક્તદાતાઓ એ આજે રક્તદાન કરેલ છે અને આ કાર્યક્રમ માં વિશેષ ઉપસ્થિતિ દરિયાપુર વિધાનસભા ના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ જૈન તેમજઅંકુર ઓઈલ ના પ્રદિપ ભાઈ પટેલ અને સમગ્ર કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગુજરાતમાં મેઘરાજાની એન્ટ્રી! ક્યાંક ધીમીધારે તો ક્યાંક ધોધમાર વરસાદ, લોકોને ગરમીથી રાહત મળી



કેરળમાં ચોમાસાની એન્ટ્રી બાદથી એક પછી એક રાજ્યોમાં વરસાદનું આગમન થઈ રહ્યું છે. હજુ તો ગઈકાલે જ મહારાષ્ટ્રમાં પણ વરસાદની એન્ટ્રી થઈ હતી ત્યાં આજે આપણા ગુજરાતમાં પણ વરસાદ પડ્યાના અહેવાલ છે. હવામાન વિભાગે હજુ ગઈ કાલે જ આગાહી કરી હતી કે આગામી ૫ દિવસ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના અનેક ભાગોમાં વરસાદ પડવાની શક્યતા છે ત્યાં છોટા ઉદેપુરમાં તો મેઘલો વરસી ગયો અને વાતાવરણમાં એકાએક પલટો આવ્યો. ઉલ્લેખનીય છે કે આ વખતે મે મહિનામાં ગરમીએ જૂના બધા રેકોર્ડ તોડી નાખ્યા છે. ત્યારે આખા ગુજરાત સહિત ભારતના અનેક ભાગોમાં ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. આ વચ્ચે વરસાદના અહેવાલથી લોકોને ઘણી ખરી રાહત મળી છે. હાલમાં છોટા ઉદેપુરમાં ઘણી જગ્યાએ ધોધમાર તો ઘણી જગ્યાએ ધીમી ધારે મેઘરાજા વરસી રહ્યા છે. બીજી બાજુ સુરતના ઓલપાડ તાલુકામાં પણ મેઘરાજા વરસ્યા હોવાના અહેવાલ છે.

બીજી બાજુ બોડેલી તાલુકાના ચલામલીમાં પણ ધોધમાર વરસાદ પડી રહ્યો હોવાના અહેવાલ છે. અહીં વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ દ્વારા આગામી દિવસ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલમાં તાપમાનમાં પણ ઘટાડો દેખાઈ રહ્યો છે. હવામાન વિભાગેઆગામી પાંચ દિવસ માટે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે. આ જિલ્લાઓના લોકોને ગરમીથી રાહત મળશે એવી શક્યતા છે.

## મ્યુનિસિપલ તંત્ર દ્વારા સર્વે કરાયો રથયાત્રા રુટ ઉપરના ૨૮૫ ભયજનક મકાનને ઉતારવા નોટિસ

અમદાવાદ,

અમદાવાદમાંથી પ્રતિ વર્ષે નીકળતી રથયાત્રાના રુટ ઉપર આવેલા ભયજનક મકાનનો મ્યુનિસિપલ તંત્ર દ્વારા સર્વે કરવામા આવ્યો છે.મધ્યઝોનમાં રથયાત્રાના રુટ ઉપર દરિયાપુર વોર્ડમાં સૌથી વધુ ૧૫૦ ભયજનક મકાન આવેલા છે.ઉપરાંત ખાડીયા વોર્ડમાં ૧૧૧ ભયજનક મકાન આવેલા છે.ભયજનક મકાન કે તેના ભયજનક ભાગને ઉતારી લેવા એસ્ટેટ વિભાગ દ્વારા નોટિસ આપવામાં આવી છે.



અમદાવાદમાં આગામી મહિને જમાલપુર ખાતે આવેલા જગન્નાથ મંદિરથી પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે રથયાત્રા નીકળશે.દરમિયાન મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્યઝોન એસ્ટેટ વિભાગ દ્વારા શાહીબાગ ઉપરાંત દરિયાપુર, શાહપુર અને ખાડીયા વોર્ડમાં રથયાત્રા રુટ ઉપર આવેલા ભયજનક મકાન કે તેના ભયજનક ભાગ અંગે સર્વે કરીને તેને ઉતારી લેવા અંગે નોટિસ આપવામા આવી છે.રથયાત્રાના રુટ ઉપર દર વર્ષે મ્યુનિ.ના એસ્ટેટ વિભાગ તરફથી ભયજનક મકાનનો સર્વે કરીને નોટિસ આપવામા આવે છે.પરંતુ મોટાભાગના કીસ્સામાં મકાન માલિક અને ભાડુઆતના વિવાદને લઈ ભયજનક મકાન કે તેના ભયજનક ભાગને ઉતારવા અંગેની કોઈ કામગીરી થતી હોતી નથી.વર્ષ-૨૦૨૩માં રથયાત્રાના રુટ ઉપર આવેલા દરિયાપુરના એક મકાનની ગેલેરી ધરાશાયી થઈ હતી. એક વર્ષ બાદ એસ્ટેટ વિભાગે આ મકાનના ભયજનક મકાનના ભાગને ઉતારવાની કામગીરી પુરી કરવી પડી છે.

# ગુજરાતના વાતાવરણમાં મોટો પલટો : પંમચહાલ, વલસાડ, છોટાઉદેપુરમાં ગાજવીજ સાથે વરસાદ



અમદાવાદ,તા.૮

હવામાન વિભાગે ગુજરાતમાં આગામી ૭ દિવસ વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે સવારથી જ ગુજરાતના વાતાવરણમાં મોટો પલટો જોવા મળ્યો છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદનું આગમન થયુ છે. આ કારણે સ્થાનિક લોકો ખુશ થઈ ગયા છે. વરસાદ આવતા વાતાવરણમાં ઠંડક પ્રસી છે. તો કેટલાક જિલ્લામાં ધોધમાર વરસાદથી પાણી ભરાયાની સ્થિતિ પણ સર્જાઈ છે. આજે વહેલી સવારે વલસાડ, વાપી, છોટાઉદેપુર, પંચમહાલ જિલ્લાઓમાં વરસાદ નોંધાયો છે.

વલસાડ જિલ્લામાં વહેલી સવારે વાપી ઉમરગામ અને સંઘ પ્રદેશ સેલવાસ દમણમાં ગાજવીજ સાથે ભારે વરસાદનું આગમન થયું છે. વરસાદ પડતાંની સાથે જ કેટલાક વિસ્તારોમાં વીજળી ડુલ થઈ ગઈ હતી. તો કેટલાક વિસ્તારમાં રસ્તા પર પાણી ભરાયા. જોકે, રસ્તાઓ પાણી પાણી થતા લોકો હરખાયા છે. વલસાડ જિલ્લાના અન્ય તાલુકામાં પણ વરસાદ પડવાની શક્યતા છે. વહેલી સવારથી જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ છવાયુઁછે. વરસાદના આગમનથી લોકોને ગરમીમાંથી રાહત મળી છે.વલસાડમાં ચોમાસાની આગમનની સ્થિતિ જોવા મળી રહી છે. અહીં સુથાળપાડા વડોલી,રાનવેરી સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો.વરસાદને પગલે સમગ્ર વિસ્તારમાં ઠંડક ફેલાઇ છે.

આજે સવારથી છોટાઉદેપુર જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. બોડેલીના ચલામલીમાં ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો છે. વહેલી સવારથી જ વાતાવરણમાં પલટા બાદ ઝરમર વરસાદ શરૂ થયો છે. જેથી વાતાવરણ ખુશ્નુમા બની ગયું છે. મોડી રાત્રે સુરતના અલગ અલગ વિસ્તારમાં વરસાદ જોવા મળ્યો હતો. વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ક્યાંક ધીમી ધારે તો ક્યાંક ભારે વરસાદ જોવા મળ્યો હતો. ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદનું આગમન થયું છે.

પંચમહાલ જિલ્લામાં પણ મેઘરાજાનું આગમન થયું છે. કાલોલ તાલુકામાં અચાનક વાતાવરણમાં મોટો પલટો આવ્યો છે. સવારથી જ મલાવ, મધવાસ, સણસોલી, દેલોલ જેવા અનેક વિસ્તારોમાં વરસાદનું આગમન થયું છે. વહેલી સવારથી અહીં ધીમીધારે વરસાદ શરૂ થયો છે. ત્યારે નગરજનોને ગરમીમાં આંશિક રાહત થતા તેઓ હરખાયા છે. આમ, ચોમાસાની વિધિવત શરૂઆત થતી હોય તેવા દ્રશ્યો અહીં જોવા મળ્યા.

સુરત શહેરમાં વહેલી સવારે વરસાદી ઝાપટા પડ્યા છે. શહેરના અલગ અલગ વિસ્તારમાં હળવો વરસાદ ખાબક્યો છે. કતારગામ, ડભોલી, અડાજણ, રાંદેર, અઠવા ગેટ, રિંગરોડ, વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. વરસાદ આવતા ગરમીમાંથી લોકોને રાહત મળી છે.

હવામાન વિભાગે ૯ જૂન ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, જૂનાગઢ, પંચમહાલ, નર્મદા, અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભાવનગર, દાહોદ, છોટાઉદેપુર, તાપી, ડાંગ, વલસાડ, નવસારી, દમણ દાદરા નગર હવેલીમાં વરસાદની આગાહી કરી છે. ૧૦ જૂન દ્વારકા,પોરબંદર,રાજકોટ,બોટાદ, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર,અમદાવાદ,ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ,સુરત ,જૂનાગઢ, પંચમહાલ, નર્મદા, અમરેલી, ગીરસોમનાથ, દીવ, ભાવનગર,દાહોદ,છોટાઉદેપુર,તાપી,ડાંગ,વલસાડ, નવસારી,દમણ દાદરા નગર હવેલી માં વરસાદની આગાહી ૧૧ જુન અમદાવાદ,દ્વારકા,પોરબંદર,રાજકોટ,બોટાદ, ગાંધીનગર, અરવલ્લી,મહી સાગર,, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, જૂનાગઢ, પંચમહાલ, નર્મદા, અમરેલી, ગીરસોમનાથ, દીવ, ભાવનગર,દાહોદ,છોટાઉદેપુર,તાપી,ડાંગ,વલસાડ, નવસારી,દમણ દાદરા નગર હવેલી માં વરસાદની આગાહી ૧૨ જૂને સમગ્ર ગુજરાતમાં સાર્વત્રિક ગાજવીજ સાથે મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે

## ભાવનગર મનપા દ્વારા અનેક હોટેલ, દુકાનો, હોસ્પિટલોને સીલ કરાઈ

ભાવનગર,તા.૮

ભાવનગરમાં ફાયર સેફ્ટી વિના ધમધમતા એકમોને સીલ કરવામાં આવતા વેપારીઓમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. માર્કેટમાં તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ બોલાવવામાં આવી રહ્યો છે. ફાયર એનઓસી,બીયુ પરમિશન અને વીજ લોડ બાબતે હાલ સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે અને વિવિધ મુદ્દે હોટલ્સ, દુકાનો, હોસ્પિટલો સહિત અનેક એકમોને સીલ કરવામાં આવી રહ્યા છે. પ્રથમ દ્રષ્ટિએ એમ લાગે કે ભાવનગર કોર્પોરેશનની આ ઝૂંબેશ આવકાર્ય છે. જો કે બીજી તરફ વેપારીઓની સ્થિતિ કફોડી બની છે. બજારમાં ફાયર સેફ્ટીના સાધનો જ પૂરતાં પ્રમાણ ન હોવાના ખુલાસાઓ સામે આવી રહ્યા છે.

પરિસ્થિતિ એ છે કે રૂપિયા ખર્ચ કરતાં પણ ન તો લોકોને ફાયર સેફ્ટીના સાધનો મળી રહ્યા છે કે ન તો આ સાધનો ફીટ કરે તેવાં નિષ્ણાતો. બીજી તરફ કેટલાંક વેપારીઓનો આક્ષેપ છે કે તેમની પાસે ફાયર સેફ્ટીના પૂરતાં સાધનો તો છે. પરંતુ, પરમિશન નથી. ત્યારે તેઓ તંત્ર પાસે માત્ર મુદતની માંગ કરી રહ્યા છે. પરંતુ, તેના બદલે આખાને આખા બિલ્ડિંગોને સીલ કરી દેવાતા વેપારીઓને હાલ મંદીમાં પડતા પર પાટું જેવી સ્થિતિ છે.

આ પ્રકારની કાર્યવાહી સામે વિપક્ષે પણ તંત્રને આડે હાથ લીધું છે અને સમય આપવાની માંગ કરી છે. બીજી તરફ એવી પણ માંગ ઊઠી છે કે માત્ર ફાયર સેફ્ટીના સાધનો લગાવવા એ પૂરતું નથી.

## અમદાવાદ મ્યુનિ.તંત્રની પહેલ શહેરીજનો ઘર આંગણે શાકભાજી ઉગાડી શકશે,તાલિમ વર્ગ શરુ કરાયા

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ તંત્ર દ્વારા નવી પહેલ કરવામાં આવી છે.શહેરીજનો તેમના ઘર આંગણે શાકભાજી અને ફૂલ છોડનો ઉછેર કરી શકે એ માટે તાલિમ વર્ગ શરુ કરવામાં આવ્યા છે.શહેરીજનોને ગાર્ડન મેઈન્ટેનન્સની તાલિમ મેળવવા મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ ઉપર રજિસ્ટ્રેશન કરાવવુ પડશે.રજિસ્ટ્રેશન કરાવનારા શહેરીજનોને આ તાલિમ વિનામૂલ્યે આપવામાં આવશે.

વિશ્વ પર્યાવરણ દિવસથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રસાલા ગાર્ડન ખાતે ગાર્ડન મેઈન્ટેનન્સની તાલિમ આપતા વર્ગ શરુ કરવામા આવ્યા છે.રિક્રીએશન કમિટીના ચેરમેન જયેશ ત્રિવેદીએ કહયુ, સોમવારથી શનિવાર સુધી સવારે ૮થી ૧૦ કલાક દરમિયાન એક બેચને ત્રણ દિવસ તાલિમ આપવામા આવશે. ૩૦ લોકોને એક બેચમાં તાલિમ અપાશે.જેમા એક કલાક પ્રેકટિકલ તથા એક કલાક થિયરીનો સમય રહેશે.સો દિવસ સુધી શહેરીજનોને આ અંગે તાલિમ આપવામા આવશે.સૂર્યપ્રકાશની દિશા મુજબ કિચન ગાર્ડન માટેના સ્થળની પસંદગી કરવા અંગેના માર્ગદર્શન ઉપરાંત કુંડાની પસંદગી, માટી અને ખાતર કેટલા પ્રમાણમાં અને કયારે નાંખવા તેમજ બીયારણ અને ધરુ તૈયાર કરવા તેમજ શાકભાજી કયારે ઉતારવા સહિતની અન્ય બાબતની શહેરીજનોને તાલિમ આપવામા આવશે.ઉપરાંત જીવાતની ઓળખ અને તેના રક્ષણ અંગેની તાલિમ પણ શહેરીજનોને આપવામા આવશે.



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સેવા એપ્લિકેશન ઉપર રજિસ્ટ્રેશન કરાવવાથી શહેરીજનો આસોપાલવ, ગુલમહોર, સપ્તપર્ણી, વડ ઉપરાંત ખાટી આંબલી,ગોરસ આંબલી, રાયણ, લીમડો,પીપળો અને તુલસી સહિતના રોપા ઘેર બેઠા વિનામૂલ્યે મેળવી શકશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.